# વિક્ટરનો ઈતિહાસ



વિકટરનો ઈતિહાસ ૧૦૦ વર્ષ જૂનો છે. ૧૭ માર્ચ ૧૮૯૦ના રોજ સવારે ૧૧ કલાકે પ્રિન્સ આલ્બર્ટ વિકટરના હાથે ખાતમુહૂર્ત વિધિ કરવામાં આવી. ભાવનગરના મહારાજા તખ્તસિંહ ગોહિલના નિમંત્રણથી વિકટર રોયલ ફેમિલી રાજ્ય કુટુંબના વરિષ્ઠ પુત્ર પ્રિન્સ આલ્બર્ટ વિકટર ભાવનગર રાજ્યના મહેમાન તરીકે ત્રણ દિવસ ભાવનગર રાજ્યની મુલાકાતે ૧૫ માર્ચ ૧૮૯૦ના રોજ ભાવનગરની મુલાકાતે પધારેલા. ત્યારે તેમની રાજ્યની મુલાકાતની યાદગીરીમાં તેમના નામને જોડતું ગામ તેમજ બંદર પોર્ટ આલ્બર્ટ વિકટરના નામથી લોરેન્સ નામની લોન્ચમાં બેસીને હાલના વિક્ટર બંદરે પધારેલ, તેમજ ભાવનગરના મહારાજા તખ્તસિંહની હાજરીમાં આ ખાતમુહૂર્તનો પ્રસંગ યોજાયેલ, ત્યારબાદ 31 મે ૧૮૯૦ થી ૧૯૦૦ સુધી દસ વર્ષના સમયગાળા દરમિયાન રિચાર્ડ પ્રોકટર સીન્સ નામના ભાવનગર રાજ્યના પબ્લીક સ્ટેટ એન્જીનીયર હતા. તેઓએ વિક્ટર ખાતે વસવાટ કરી અને પ્લાનિંગથી મોટા રસ્તાઓ, મોટી બજારો, ગ્રામ્ય તળાવ વગેરે દસ વર્ષમાં બાંધી ૧૯૦૦ની સાલમાં કે જે વિક્રમ સંવત ૧૯૫૬ હતું ત્યારે પ્લેગનો રોગ ફાટી નીકળતા રિચાર્ડ પ્રોકટર સીન્સ આ મહાકાળ રોગનો ભોગ બની વિક્ટરમાંજ મૃત્યુ પામ્યા ત્યારબાદ ભાવનગર મહારાજ સાહેબે રિચાર્ડ પ્રોકટર સીન્સની ૨૫ વર્ષ સુધી ભાવનગર રાજ્યના પબ્લિક સ્ટેટ એન્જિનિયર તરીકે આપેલી સેવાઓની કદરરૂપે જ્યાં વિક્ટર ગામે તેમની દફનવિધિ કરવામાં આવેલ એ જગ્યાએ આરસ પથ્થરની ચારેબાજુ નાના બગીચા જેવું સ્થળ ઉભું કરેલ છે, જે તેની યાદી રૂપે હાલના તબક્કે પણ મોજુદ છે.

ત્યારબાદ ૧૯૨૫માં ભાવનગર મહારાજાએ ભાવનગર રાજ્યમાં રેલવેનો વિકાસ હાથધર્યો અને વિક્ટર ગામે રેલવે સ્ટેશન બનાવી વિક્ટર ગામમાં જે તે વખતે આવેલ પ્રાથમિક શાળામાં રેલવે સ્ટેશન શરૂ કરેલ. તેમજ તે વખતે વિક્ટર ગામે તાર-ટપાલ કચેરીમાં



પ્રાથમિક શાળાને ફેરવવામાં આવી, તેમજ ભાવનગર મહારાજાએ મહાલ બનાવીને તાલુકાનો દરજ્જો વિક્ટરને આપ્યો. તેમજ વિક્ટરમાં વહીવટદાર(મામલતદાર), થાનેદાર(પી.એસ.આઈ), રજીસ્ટાર(નોંધણી), તિજોરી, પેટા-તિજોરી, જેલ વગેરે વહીવટી વિભાગો શરૂ કરેલ. વિક્ટરની નજીકના ૫૫ ગામના લોકો જમીનનો મહેસુલ ભરવા વિક્ટર ગામે આવતા, નજીકમાં આવેલ પીપાભગતની જગ્યા જે હાલમાં પીપાવાવ ગામ તરીકે ઓળખાય છે. તે ગામમાં રણછોડરાયનું મંદિર છે. એ ધાર્મિક સ્થળને લીધે મહારાજા તરફથી તેમને મહેસૂલમાં માફી આપવામાં આવતી. ત્યારબાદ ૧૯૫૫ ની સાલ સુધી વહીવટકર્તા ૧૬૫ માણસોની વસ્તી સાથે આ મહાલ ૧૯૫૫ માં પોરબંદરના ઉદ્યોગપતિ શ્રી મુળજીભાઈ માધવાણી વિક્ટર ગામે આવી અને મીઠાના ઉત્પાદનના ઉદ્યોગની શરૂઆત કરી. અને સૌરાષ્ટ્ર સોલ્ટ વર્ક્સ નામની કંપની સ્થાપી. આ કંપનીની સ્થાપના થતા ગામની વસ્તી ૧૬૫ની હતી તે એકજ વર્ષમાં ૧૨૦૦ની થઈ ગઈ, નજીકના ગામોમાંથી લોકો રોજગારી અને મજુરી માટે વિક્ટર વસવાટ કરવા લાગ્યા, પાંચ વર્ષમાં મીઠાનું ઉત્પાદન વધતા મીઠાના નિકાસની કેન્દ્ર સરકાર તરફથી છૂટ મળતા વિકટરના બંદર ઉપર વિદેશી સ્ટીમબરો આવવા લાગી. જેમાં જાપાન, કોરિયા, ચાઈના વગેરે દેશોની સ્ટીમબરો મીઠું ભરવા આવવા લાગી. ૧૯૮૦ની સાલ પહેલા રસાયણ ઉદ્યોગમાં મીઠાની વપરાશ થતા વિક્ટર બંદરે મીઠું વહાણ દ્વારા વલસાડ બંદરે તેમજ મુંબઈ બંદરે મોટી-મોટી કેમિકલ્સ કંપનીમાં જવા લાગ્યું તેથી આ બંદર ધમધમતું થયું. સાથે સાથે બંદરેથી ટ્રેનના વેગનમાં મીઠું ભરીને પણ બહાર મોકલવા લાગ્યા, ત્યારપછી વર્ષ દહાડેથી ૧૧૦૦થી ૧૨૦૦ વહાણોની અવર-જવર થવા લાગી અને ગુજરાત સરકારને બંદરની સારી એવી રેવન્યુ આવક મળવા લાગી, ૧૯૮૦માં શ્રી મનુભાઈ મધવાણીએ મીઠાના પાણી આધારિત બ્રોમીન પ્રવાહી કેમિકલ્સનો પ્લાન્ટ વિક્ટર ગામમાં સ્થાપ્યો. જે એક કરોડના ખર્ચે તૈયાર થયો. જેમાં ૬૦ માણસોને

રોજગારી મળી શકી. ત્યારપછી ૧૯૮૫માં દાલમિયા ગ્રુપ દ્વારા ગુજરાત હેવી કેમિકલ્સ નામની સૌરાષ્ટ્રમાં વેરાવળ તાલુકાના સુત્રાપાડામાં સોડાએશ પ્લાન્ટ સ્થાપ્યો અને તેમના સોડાએશના અગત્યના રો-મટિરિયલ્સ તરીકે મીઠાની જરૂરિયાત ઉભી થતા વિકટરમાં આવેલ સૌરાષ્ટ્ર સોલ્ટ વર્કસ શ્રી મનુભાઈ માધવાણી પાસેથી કાયમી ધોરણે વેચાણથી રાખ્યું, ૧૬મી માર્ચ ૧૯૮૫થી સૌરાષ્ટ્ર સોલ્ટ વર્કસના નામની જગ્યાએ નવું નામ ગુજરાત હેવી કેમિકલ્સ (જી.એચ.સી.એલ) અસ્તિત્વમાં આવ્યું. આ કંપની આવતા તેમની મીઠાની જરૂરિયાત વધારે અને મોટા પ્રમાણમાં હોવાથી વિકટરમાં એક લાખ ટન મીઠાના ઉત્પાદનની જગ્યાએ બે લાખ ટન મીઠાના ઉત્પાદનની કામગીરી શરૂ કરી. જેને લીધે સૌરાષ્ટ્રના દરિયાકિનારે મીઠું ઉત્પાદન કરવામાં વિક્ટરનું નામ પ્રથમ મૂકી દીધું, અને વધુ મીઠાના ઉત્પાદનમાં વિક્ટર મોખરે છે. આ મીઠું દરિયાઈ રસ્તે વલસાડ અને મુંબઈ જતું બંધ થતાં વહાણવટા નો ઉદ્યોગ ભાંગી પડ્યો અને બંદર સુમસામ થઈ ગયું. સાથે-સાથે રેલવે દ્વારા મીઠું મોકલવામાં આવતું તે બંધ થઈ જતાં રેલવે પણ બંધ થઈ ગઈ, પણ આ મીઠું જી.એચ.સી.એલ. ની મુખ્ય કંપની સુત્રાપાડામાં પહોંચાડવાનું હોવાથી દરિયાઈ માર્ગ કે રેલવે માર્ગની જરૂરિયાત કરતા જમીન માર્ગે સસ્તું અને સરળ પડે માટે આ મીઠાનો જમીન માર્ગે વાહન-વ્યવહાર દ્વારા લઈ જવામાં આવતા વિક્ટર ગામમાં ટ્રાન્સપોર્ટની શરૂઆત થઈ જે પહેલાના સમયમાં દિવસ દરમિયાન વિકટરમાં માંડ પાંચથી દસ ટ્રક નીકળતા હશે. એની જગ્યાએ દરરોજના સો ઉપર ટ્રક જવા-આવવા લાગ્યા જેને લીધે વિકટરમાં રોજગારીનું પ્રમાણ વધ્યું અને વિક્ટરની ચોકડી ઉપર દુકાનો વધતા તે રોડનું નામ ચાંદની ચોક પડ્યું, વિક્ટર ગામને સીમતળની જમીન ન હોવાથી ૧૯૮૦ સુધી રાજ્ય સરકાર તરફથી ગ્રામ પંચાયત મળી નહીં, જેથી પંચાયતી રાજની યોજનાના ભાગરૂપે ગામને કોઈ સુવિધાઓ ઉપલબ્ધ ન થઈ. ૧૯૮૦માં રાજ્ય સરકારે ઠરાવ કરી વિક્ટરને ગ્રામ પંચાયત આપી, ગામને પંચાયતી રાજની યોજનાનો લાભ મળતો શરૂ થયો, જેથી ગામમાં પંચાયત કચેરી, પ્રાથમિક શાળાના નવા રૂમો, મફત પ્લોટ વગેરે સરકારશ્રીની મકાન બાંધકામની સહાયની લાભથી સુવિધાઓ થઈ. તેમજ પાણીના નવા સ્ટેન્ડો, ગ્રામ્ય રસ્તાઓ, વગેરે પંચાયત રાજની યોજનાઓના લાભ મળ્યા. તેમજ વિક્ટરને એસ.ટી. સુવિધાઓ પણ હાલના તબક્કે પ્રમાણમાં સારી છે. સાથે-સાથે હાલના સમયે એસ.ટી.ડી. સુવિધાઓ પણ ઉપલબ્ધ છે, આમ અત્યારે વિક્ટર દરેક રીતે આગળ પ્રગતિના પંથે દોટ મૂકી રહ્યું છે.

